## પ્રકરણ : ૧૫

## પૂજાલાલ તથા અન્ય કવિઓ;

## ઉપસંહાર

હવે આપણે રાષ્ટ્રીય અસ્મિતાનું પ્રગટીકરણ કરતી કવિતાના અંતિમ તબક્કા સુધી આવી પહોંચીએ છીએ. બીજા વિશ્વયુધ્ધના અંત સુધી - લખાયેલી કવિતામાં હજુ ગાંધીયુગની ભાવનાઓનું જ એકંદરે પ્રવર્તન દેખાય છે. એમાં પૂજાલાલ - ગોવિન્દ સ્વામી જેવા કવિઓની કવિતામાં દેખાતા કેટલાક અપવાદો વિશે નીચે નોંધ, અલબત્ત, કરી છે. ગાંધી યુગમાં નાના-મોટા સંખ્યાબંધ કવિઓએ રાષ્ટ્રીય અસ્મિતાની કવિતા રચેલી છે. એ બધા જ કવિઓ વિશે નોંધ કરવાનો નહિ, પરંતુ આ વિષયની કવિતાની મુખ્ય લાક્ષણિકતાઓને, આવશ્યક ઉદાહરણો આપતાં જઇને, આવરી લેવાનો ઉપક્રમ અહીં રખાયો છે.

ગુલામોનાં બંધનોની યાતના, સ્વતંત્રતા માટેની ઝંખના જીર્ણશીર્ણને ભાંગી નાખીને નવસર્જન કરવાની યુવાન હ્રદયસહજ તમન્ના, ધરતી સાથેનો નાતો છોડયા વિના પણ પ્રગટ થઇ શકતી ગગનગામી ઉત્સાહવૃત્તિ, - વર્તમાનમાં નિરાશા કે રોતલવેડા તરફ નહિ, પરંતુ પુરુષાર્થના સાત્વિક આવેગ તરફ દોરી જતી ભારતના સાંસ્કૃતિક ગૌરવની ભાવના, ભારતના અંગરૂપ ગુજરાત માટેની તામસિકતાના અંશ વિનાની નિર્મળ મધુર ઉદાર પ્રીતિ, કિશિયારો ("બેવડો") માં સરી ન પડતું શૌર્યોદબોધન, ઇ.ને સુંદર કાવ્યાભિવ્યકિત આપવાની સભાનતા ગાધીયુગની કવિતામાં વિશેષ ને વિશેષ પ્રગટતી જણાય છે.

સ્વાતંત્ર્યપ્રાપ્તિના અવસરે લખાયેલી કવિતામાં એક મહાન સિધ્ધિ પ્રાપ્ત કર્યાનો આનંદ પ્રગટ થયેલો છે, પરંતુ એ આનંદ કેટલાક વિકટ સંજોગોની ભીંસને કારણે વિષાદમિશ્રિત બની ગયેલો દેખાય છે.

## (૧) પૂજાલાલ :-

આચાર્યશ્રી આનંદશંકર ધ્રુવના એક કથનને જરા જુદી રીતે મૂકીએ તો એમ કહી શકાય કે વીસમી સદીમાં ખબરદાર તથા મેઘાણીની સ્વદેશભક્તિની માળા જેવી પૂજાલાલને કંઠે ઊતરી છે તેવી અન્ય કોઇ કવિને કંઠે કદાચ ઊતરી નથી. "પારિજાત, "પાંચજન્ય", "ગુર્જરી" તથા "વૈજયંતી"નાં સંખ્યા તેમજ ગુણવત્તાની દ્રષ્ટિએ ધ્યાન ખેંચતાં શૌર્યાભિનિવેશયુક્ત કાવ્યો એ હકીકતની સાખ પૂરશે. અધ્યાત્મભક્તિ તથા દેશભક્તિ એ પૂજાલાલની કવિતાના બે મુખ્ય વિષયો રહયા છે. પૂજાલાલના બન્ને વિષયની કવિતાના પ્રવાહો પરસ્પરની ભાવોત્કટતાને મંદ કર્યા સિવાય સાથેલાગા વહેતા જણાય છે. પૂજાલાલ (જન્મ: ૧૯૦૧) ૧૯૨૬ની સાલથી પોંડિચેરીના શ્રી અરવિંદાશ્રમમાં વસતા હોવાથી તથા ભક્તહ્રદયના કવિ તરીકે એમની એકંદરે ગણના થયેલી હોવાથી એમની કવિતામાં ધસમસતા વહેતા રાષ્ટ્રભક્તિનાં કાવ્યોના પ્રવાહ તરફ ગુજરાતનું ભાગ્યેજ ધ્યાન દોરાયું લાગે છે.

પૂજાલાલનું વીરરસ તરફનું બાલ્યાવસ્થાથી જ દેખાતું આકર્ષણ રાષ્ટ્રપ્રેમનાં કાવ્યોની રચના માટે કારણભૂત તો ખરું જ, પરંતુ એ ઉપરાંત, વીસમી સદીના પહેલા દસકા દરમિયાન આપણા રાષ્ટ્રગગને ધૂમકેતુની જેમ અજવાળી જનાર તેજસ્વી રાજકીય દ્રષ્ટા અને સ્રષ્ટા શ્રી અરવિંદના પ્રભાવને પણ પૂજાલાલના આ પ્રકારના કાવ્યસર્જન માટે કારણરૂપે ગણાવી શકાય એમ છે. શ્રી અરવિંદદર્શનમાં જીવાતા જીવનનો સદંતર ઇન્કાર નથી એના એક પરિણામરૂપ પણ પૂજાલાલનાં રાષ્ટ્રપ્રેમનાં કાવ્યો હોઇ શકે.

"પારિજાત" (પ્ર. આ. ૧૯૩૮) નાં કેટલાંક કાવ્યોમાં "સર્વ-સ્વાર્પણે પણ ઇષ્ટ સિદ્ધિ મેળવવા મથતો માનવમાનસનો વજ્રમય ટેક ભિન્ન ભિન્ન રૂપે એક સરખો ઉલ્લસે છે, પોતાની અખંડ ઉત્સ્ફુર્તિએ વાચકોનાં દિલ જીતી લેવા સમર્થ છે" (પ્રો. ઠાકોરનો "પારિજાત"માં પ્રવેશક, ૧૯૫૪, પૃ. ૧૬) આવો વજ્રમય ટેક દેશભક્તિનાં કાવ્યોમાં વિશેષરૂપે જોવા મળે છે.

'Arguments and speeches do not win liberty for a nation.' ૧ સ્વાતંત્ર્યની બુલંદ ઇમારત તો મહાબલિદાનોના પાયા ઉપર જ રચી શકાય; એ મહાબલિ અર્પવામાં અજ્ઞ ને પ્રજ્ઞનો ભેદ જોવામાં નથી આવતો, એવી કવિપ્રતીતિ "સ્વાતંત્ર્યનું પંખી" કાવ્યમાં જોવા મળે છે:

"પણે ભડભડે મહાગ્નિ વર વેદિમાં યજ્ઞનો;
શિખા પર શિખા ચઢે ઉછળતી નભોત્સંગમાં,
મહાબલિ અપાય ભક્તિભર અજ્ઞ ને પ્રજ્ઞનો,
પડાપડી કરે ચહોદ નરનારીઓ રંગમાં." (પારિજાત, ૩૨)

કવિના અંતરમાં આર્યત્વનું અભિમાન ઊછળે છે. મધ્યકાલીન ક્ષાત્રત્વના શૌર્યભર્યા પ્રસંગોના સ્મરણે કવિનું હૃદય પોરસ અનુભવે છે ને એવા જ વીરત્વની વર્તમાનકાળના જીવનમાં આકાંક્ષા સેવે છે. "પાંચજન્ય" ની પ્રસ્તાવનામાં કવિએ નોંધ્યું છે: "બચપણથી જ મને વીરરસ આકર્ષ્યા કરતો હતો... મહારાણા પ્રતાપે તો પોતાના નામમાત્રથીય મારા આર્યત્વના અભિમાની અંતર ઉપર અદ્ભુત પ્રભાવ પાડયો હતો.." શિવાજીનાં પરાક્રમોનું ગૌરવ પણ પૂજાલાલે અનુભવ્યું છે. "રાજર્ષિ" "શિવાજી" કાવ્યમાં કલ્યાણગઢના નાસી જતા સૂબાનું તથા બૂરજે બૂરજે ચડતા ધર્મના ભગવા ઝંડાનું વર્ણન કર્યા પછી શિવાજીના વિજય વિશે સુખદ સંતોષ અનુભવીને કવિએ લખ્યું છે.

"અનાર્ય મદ-માલિન્યો વિલીન પળમાં થયા,
પવિત્ર આર્યતા કેરી વર્તી આણ સુખપ્રદા." (પારિજાત, ૧૫૨)

શિવાજીનો વિજય એ આર્યતાનો વિજય તથા અનાર્યતાનો પરાજય હતો એમ નર્મદયુગના કવિઓ પછી ગાંધીયુગમાં કહેનાર પૂજાલાલ કદાચ પહેલા શિષ્ટ કવિ છે. નિજ પર મા ભવાની અસવારી કરે ને એક સપાટે મુક્તિ એ સર કરે, એની વાટ જોતા 'સહ્યાદ્રિ'નું ચિત્ર ગ્રંથમાળાની 'ગુર્જરી' (૧૯૫૯)માં આલેખ્યું છે.'વૈજયંતી'(૧૯૬૨)માં પણ કહ્યું છે: "સહ્યાદ્રિની સમશેરથી શોભંત હિંદુસ્તાન છે!" (પૃ. ૨૯).

સંકેલા દ્રિની જેવું જ આકર્ષણ "અનાર્યતા" ના આક્રમણ સામે અણનમ રહેનાર "અરવલ્લી"નું કવિએ અનુભવ્યું છે. અરવલ્લી ઉપરાંત "ચિતોડ" ને કાવ્યવિષય બનાવવાનું ખેંચાણ પૂજાલાલે અનુભવ્યું છે. માત્ર પુરુષત્વના જ નહીં, પરંતુ સ્ત્રીત્વનાય પ્રદીપ્ત વીરત્વનો અનુભવ કરાવનાર ચિતોડને કવિ સંબોધે છે:

"ચિતોડ! તવ મુક્તિ પ્રેમ, બળ ટેક ને ત્યાગની
જગાડ અમ જોબને હવન-હોળીઓ ફાગની." (પારિજાત, ૩૪).

પૂજાલાલની કવિતામાં દીપ્તિમંત ભૂતકાળનું સ્મરણ છે, પરંતુ એ સ્મરણ સાંપ્રતજીવનના "જોબને હવન-હોળીઓ ફાગની" જગવવા માટે કરાયેલું છે તે નોંધપાત્ર છે.

૧૯૨૬ની સાલથી શ્રી અરવિંદાશ્રમમાં વસતા પૂજાલાલે મુખ્યત્વે ગાંધીયુગના સમયગાળામાં કાવ્યસર્જન કર્યું છે. પરંતુ આપણે એમને ગાંધીજીની જીવનદૃષ્ટિથી પ્રભાવિત થયેલા કવિ તરીકે નહિ ઓળખાવી શકીએ. દુશ્મનનો પણ હૃદયપલટો કરાવવા ઇચ્છતી ગાંધીજીએ પ્રબોધેલી અહિંસાભાવનાનો પૂજાલાલની કવિતામાં પુરસ્કાર થતો જોવા નહિ મળે. લોકસમુદાય તરફ કવિને પ્રેમ છે; "લોકપ્રકોપ" જેવું કાવ્યેય એમણે સર્જ્યું છે. પરંતુ દલિતપ્રેમનાં "રૂડકી" "પાંચાલી" જેવાં કાવ્યો લખવાનો એમણે ઉત્સાહ અનુભવ્યો નથી. હિંદુ-મુસ્લીમ સહોદરો છે એવું પ્રતિપાદન તથા એ સહોદરો ભારતમાં સંપ-પૂર્વક નથી રહેતાં એનો ગાંધીયુગની કવિતામાં સામાન્યત: કરાતો ખરખરો પૂજાલાની કવિતામાં જોવા મળશે નહિ. પૂજાલાની કવિતા તો ઉદ્દામ શૌર્યત્વનો પાંચજન્ય ફૂંકે છે:

"ઉઠ ઉઠ, ઉદ્દામ બની જા, પ્રૌઢ પરાક્રમ દાખવ પૂત!
ગર્જ ઉઠ ભયંકર નાદે, યુદ્ધે ધૂમ બની યમદૂત.
....ભભૂકતા તવ પુણ્યપ્રકોપે પ્રલયો કેરા આણ જુવાળ;
કાળપુરુષ બન વિરાટ વીર્યે દાટ દુશ્મનો કેરો વાળ."
("પાંચજન્ય" ૧૯૫૭, પૃ. ૧૦).

ગાંધીજીએ પ્રબોધેલી અહિંસાનો પૂજાલાલ પુરસ્કાર નથી કરતા એનો અર્થ

એમ નહિ કે કવિ કોઇ અસંસ્કારી આંધળા ઝનૂનના વાહક બનવા ઇચ્છે છે. રીઢા રાષ્ટ્રતણા હૈયામાં ઉદ્દામ આવેશ જગવવા માટેનો - રાષ્ટ્રહિત અર્થેનો કવિનો આ પુણ્યપ્રકોપ છે, તે અહીંજ સ્પષ્ટ કરી દેવું જોઇએ:

"રીઢા રાષ્ટ્રતણા ઢળ્યા હૃદયમાં ઉદ્દામ આવેશની
ઝંઝાઓ જબરી જગાડ, અભયે ભીડે ભડો મૃત્યુને !
(પાંચજન્ય, ૧૨)

કવિ જોમવંત જવાનમાં કહે છે:

"ઝુકાવ જુધ્ધે જોધ ! ઝનૂની, આગ ઝરંતો આંખે,
ગર્વગર્જનો ઘનમંડલનાં સિંહ કદી શું સાંખે ?" (એ જ; ૧૪).

રાષ્ટ્રનું ગૌરવ સ્થાપિત કરવા અર્થે જીવનમાં આક્રમકવૃત્તિનો સ્વીકાર ને પુરસ્કાર કરવામાં કવિને કશું અજુગતું લાગતું નથી.[૨]

"પાંચજન્ય" નાં બધાં જ - ૬૦ કાવ્યો વીરરસનાં છે. પૂજાલાલની કવિતામાં, વિશેષે "પાંચજન્ય" માં ક્ષાત્રશક્તિનું ઓજસ પ્રગટતું દેખાય છે:

"રણક્ષેત્ર પર કર કાપણી,
લ્હાણો વિજયની લે લણી." (પાંચજન્ય, ૧૯)

'Heal hate by love', 'drive out injustice by justice', "લડો પાપો સામે વિમળ દિલના ગુપ્ત બળથી", એવો આદેશાત્મક આદર્શ પૂજાલાલ રજૂ નથી કરતા. એ કેટલીક સ્પષ્ટ ને લક્ષ્યગામી રજૂઆતો કરે છે. જાલિમ દુશ્મનોનો "હૃદયપલટો" કરવાની એમાં કોઇ વાત નથી:

"ના જંપવા દે જાલિમોને, જંપતો ન તુંયે જરી,
ના છોડ પીછો, રગડ રિપુને રાતદિન, નરકેસરી!"
(પાંચજન્ય, ૨૦).

આ ક્ષાત્રશક્તિની ઉપાસનાનો આગ્રહ કહેવાય. દેશના રાજકારણમાં ક્ષાત્રશક્તિનું એના લાક્ષણિક અર્થમાં મહત્વ સ્વીકારતી વેળાએ શ્રી અરવિંદે કરેલું કથન અહીં યાદ આવે છે:

'Politics is especially the business of the Kshatriya, and without Kshatriya strength at its back, all political struggle is unavailing .... To impose in politics the Brahmanical duty of saintly sufferanc is to preach Varnasankar'. [3] અંગ્રેજો સામેની આઝાદીની લડત સમયે મુખ્યત્વે રચાયેલાં દેશપ્રીતિનાં કાવ્યોમાં પૂજાલાલ પણ શ્રી અરવિંદના આંકેલા રાષ્ટ્રભક્તિના માર્ગે આગળ ચાલતાં "દૈઇન્ટલી સફરન્સનો" આગ્રહ સેવતા નથી:

"વ્યથિત કર વેરીઓનાં હૃદય વીર્યથી, હૃષ્ટ કર સ્નિગ્ધ સાહાયકો
તપ્તકર તેજથી તુજ વિરોધી બધા, તૃપ્ત કર બિરદના ગાયકોને,
(પાંચજન્ય, ૩૦)

પૂજાલાલની "પાંચજન્ય"ની કવિતામાં યૌવનનું અનિરુધ્ધ જોમ દેખાય છે. એના ઉદ્ગમ સ્થાનરૂપે કવિની રાષ્ટ્રીય અસ્મિતાને જોઇ શકાય. "ગૂર્જરી" કાવ્યસંગ્રહમાં પણ કવિનો અદમ્ય પરાક્રમભાવ માણવા મળે છે. ઘોર ગર્જના કરતા વિકરાળ વનરાજના મરણવ્હાર શા મુખને ખોલીને એના દાંત ગણવાના પ્રયત્ન કરનાર ભરતકુમારના અને વીર ભરતાત્મજો છીએ, એ રીતે કવિએ ભારતવાસીઓની આત્મશ્રદ્ધાભરી ઓળખ આપી છે (ગુજેરી, ૧૯૫૯, પૃ. ૧૦૫) હૃદયમાં માતૃપ્રીતિનો આતશ સતત જલતો રાખનાર સ્વાતંત્ર્યના શહીદોને કવિએ વીરત્વના સંસ્પર્શથી રણકતી વાણીમાં સ્મર્યા છે:

"...............હૃદય ભડકે જ્યાં ભડભડે
રહેવાયે ક્યાંથી? – સકલ પટકી સૌ પળિયા
પથે વિઘ્નો–વેર્યાં,.................., (ગુર્જરી, ૧૦૭).

આવા મરજીવિયા મર્દોના મનોવેગોને કવિએ દ્યુતિમંત વાચા આપી છે:

"ઝેરવેરથી ભર્યાં ઝનૂનો પૌરુષને પડકારે,
જવાબ દેતું જોબન ઝૂઝે ન્હાતું શોણિતધારે,
(પાંચજન્ય, ૬૮)

"હે બ્રિટન! જેવા એકાદ કાવ્યને બાદ કરતાં પૂજાલાલે એમનાં કાવ્યોમાં

બ્રિટનનું નામ ક્યાંય પાડેલું નથી, પણ ભારતની પરતંત્રતાના કાળમાં લખાયેલાં કાવ્યોમાં જે પડકાર છે તે સ્પષ્ટ રીતે પ્રજાના મુકત જીવનને રૂંધતાં બળો પ્રત્યે - વિશેષે ભારતને ગુલામીમાં જકડનાર બ્રિટન પ્રત્યે છે, એમ પામતાં વાર લાગતી નથી.

સ્વાતંત્ર્યયજ્ઞની રક્ષા આપણે બ્રહ્મતેજપૂર્વક કરવી જોઈએ, એ માટે સાત્વિક માર્ગો અંગીકારવા જોઈએ. પરંતુ સ્વાતંત્ર્યયજ્ઞની રક્ષા અર્થે જરૂર પડયે ક્ષાત્રશક્તિનો હૂંકાર કરવાની તથા શત્રુને પરાસ્ત કરવાની આપણી પાસે ત્રેવડ તો હોવી જોઈએ: "We should have the bow of the Kshatriya ready for use, though in the background".[4] પૂજાલાલની કવિતામાં આવી ક્ષાત્રશક્તિનો ટંકાર વારંવાર સાંભળવા મળે છે. "પ્રકોપ પ્રજ્વળાવ, જાય તુજ શત્રુઓ સૌ બળી" તથા "રગડ રિપુને રાતદિન" - એવું ભારતવાસીને કવિ આહ્વાન આપે છે. રિપુ જોડેના સંઘર્ષમાં, "ન તોય પ્રતિકારવો કદિય ઘાવને ઘા થકી", એવું ગાંધીયુગના કવિને સહજ એવું ઉદબોધન પૂજાલાલની જીભે ચડી શક્યું નથી. પૂજાલાલ સમયની તથા કાવ્યરચનાની દૃષ્ટિએ ગાંધીયુગના કવિ છે, પરંતુ ગાંધીવાદી જીવનદૃષ્ટિથી પ્રેરિત થયેલા કવિ નથી. પૂજાલાલની રાષ્ટ્રીય અસ્મિતાની કવિતા ઉપર ગાંધીજીની નહિ, પણ શ્રી અરવિંદના રાજકીય દર્શનની અસર વરતાય છે.

૧૯૩૧માં લખાયેલા "હે બ્રિટન !" કાવ્યમાં ભારતને ગુલામ રાખનાર એ વિદેશી સત્તા પ્રત્યેનો કવિનો લાક્ષણિક મનોભાવ પ્રગટ થયેલો જોવા મળે છે:

"છકેલ મદમત્ત હે બ્રિટન! કાન દેજે જરા,
...અધીન તુજને રહે નહિ જ ભારતી આ ધરા."

ભારતાત્મજો બ્રિટનનો સત્તાતોર તથા રકતરસ સહવાના નથી, એમ જણાવીને કવિ બ્રિટનને કાલી જેવા ભયંકર નાગની કૃષ્ણને હાથે થયેલી અવદશાની યાદ દેવડાવે છે અને એ રીતે અંતિમ પરિણામ વિશે સ્પષ્ટ ચેતવણી આપે છે:

"ભુજંગફણની ફટા સહ ફૂંફાડ તારા વૃથા:

નથી ખબર કાલિયે સહી'તી કેટલીયે વ્યથા ?" (ગુર્જરી, ૧૭૪).

આમાં, બ્રિટન તરફનો પ્રેમ ઊભરાઈ જવાની, બ્રિટનનાં શાહીવાદી પાપો સામે લડીને બ્રિટનનો હૃદયપલટો કરાવવાની કે "તું પાપ સાથે નવ પાપી ભારતો" જેવી કોઈ વાત નથી. બ્રિટન પ્રત્યે તો પ્રેમભાવ છે, પણ બ્રિટનના શાહીવાદ સામે તિરસ્કાર છે, એવી પણ કવિની રજૂઆત નથી. "હે બ્રિટન !" કાવ્યના સંદર્ભમાં રાજકારણ વિશેની વિરલ એવી હૈયાસૂઝ ધરાવનાર શ્રી અરવિંદનું ૧૯૦૭ માં લખાયેલું એક અર્થગર્ભ વાકય યાદ આવે છે. રાષ્ટ્ર-રાષ્ટ્ર વચ્ચેના વ્યવહારમાં ન્યાયવૃત્તિ, કર્તવ્યભાવના, સન્માનભાવ, પ્રમાણિમાં બાબળાનું રક્ષણ કરવાનો ભાવ હોઈ શકે, પણ ન હોઈ શકે "ભાઈ - ભાઈ" ની સહોદરશી સ્નેહભાવના. આવું કઠોર વાસ્તવદર્શન કરાવતું એ વિધાન આ પ્રમાણે છે: 'Between nation and nation there is justice, partiality, chivalry, duty, but not love.'5

પૂજાલાલે ભારતસ્તવન ઉચ્ચારેલું છે. ભારતની પ્રાકૃતિક તથા સાંસ્કૃતિક સમૃધ્ધિનું ગૌરવ ઉપસાવતું આ કાવ્ય ભીમરાવના "પૃથુરાજ રાસા" ના ભારતસ્તોત્રની યાદ અપાવે એવું છે. પૂજાલાલના "ભારતસ્તવન"-માં કોઈ રાજકીય ફિલસૂફીનો રંગ ચડેલો નથી; ભારતના સનાતન સ્વરૂપનું તેજોમય વાણીમાં ભાવભક્તિપૂર્વક કરાયેલું એ ગાન માત્ર છે. ભારતમાતાનું સ્વરૂપ કવિએ આ રીતે વર્ણવ્યું છે:

"કાન્તિએ કમનીયા તું શાંતિએ શા સ્વર્તોપમા,

સૌન્દર્યે શ્રીસ્વરૂપા તું, ઔદાર્યે સાગરોપમા."

(પારિજાત, ૧૪૨).

પ્રતાપ-શિવાજીનાં શૌર્યનાં સ્મરણોમાં જેમ કવિની રાષ્ટ્રીય અસ્મિતાનું એક આવિષ્કરણ જોઈ શકાય તેમ કવિની માતૃભાષાભક્તિમાં પણ એનું એક પ્રગટીકરણ અનુભવી શકાય:

"જે વાણી દેહપિંડે અણુ અણુમહીં આંદોલનો લોલ લાવે,
...હૈયાને ગહ્વરે જે પ્રતિપળ પડઘા પાડતી પ્રેમ કેરા,
.... તે માતૃભાષા ચિરકાળ જીવો,
જગાડતી જીવન જ્યોતિઓનાં !" (પારિજાત, ૧૩૯).

માતૃભૂમિની ધરતીનો અને માતૃભૂમિના સમુદ્રો ઉપરથી આવતી વાયુની મીઠી લહરનો શાતાદાયક સ્પર્શ, માતૃભૂમિના ગિરિઓમાંથી પ્રસ્ફુટતી સરિતાઓનું દર્શન, માતૃભાષાનું કર્ણમધુર શ્રવણ, [illegible] માતૃભોમની સાહિત્યસંગીતાદિ કલાઓનો આસ્વાદ તથા માતૃભૂમિની જીવનપધ્ધતિ સાથે અનુભવાતી તાદાત્મ્યની લાગણી કવિમાં રોમાંચયુક્ત પ્રહર્ષનો પ્રસ્પંદ નૈસર્ગિક રીતે જ જગવી જાય છે. કવિની રાષ્ટ્રીય અસ્મિતાનાં ભૌતિક મૂળ આ સર્વમાં રહેલાં હોય છે. [૬] અહીં પૂજાલાલની રાષ્ટ્રીય અસ્મિતા માતૃભાષાના શ્રવણે તથા સ્મરણે સ્ફુરિત થયેલી દેખાય છે. (પૂજાલાલે લખેલાં ગુજરાત પ્રશસ્તિનાં કાવ્યોનો ઉલ્લેખ પ્ર. ૧૭ માં કરેલો છે).

પૂજાલાલની રાષ્ટ્રપ્રીતિની કવિતાનું લેખન સ્વાતંત્ર્યપ્રાપ્તિ પછીના ગાળામાં પણ ચાલુ રહયું છે. આઝાદીના દિનને એમણે હર્ષપૂર્વક વધાવ્યો છે: "આઝાદીનો દિન ઉગ્યો છે ભરતભોમ પર આલમનૂર", (વૈજયંતી, પૃ. ૪૨) આ સમયે કવિને "નસનસ નવચેતન તસતસતું" રજાણાય છે. પરંતુ ભારત બે રાષ્ટ્રોમાં વિભક્ત થયું એ પૂજાલાલને આપણા અન્ય કવિઓની પેઠે રુચ્યું નથી. જો કે, ભારત અને પાકિસ્તાનના "ગૃહભેદ" ભવિષ્યમાં ભૂંસાઇ જવાના છે એવું અનોખું જ આશાદર્શન પૂજાલાલ પાસે છે:

"ગૃહભેદ ! પણ ભૂંસાઇ એ કાલ જશે,
ભૂંડાશ ત્યાગી ભાઇઓ ભેગા થશે;
ગાશે સહુય "જયહિંદ !" એક જ સૂર એક સમાન". (વૈજયંતી, ૩૦)

શ્રી દેશળજી પરમારે "ઉત્તરાયનમાં" આવી જ આશા વ્યક્ત કરી છે:

"પાક ને હિંદ થશે એકરૂપ ને પુન: અનન્ય અભંગ;
તે દિન દિનમણિ શો તપશે અખિલ જગતનો સંઘ" (પૃ, ૨૪૭).

આ બન્ને અભિલાષાઓ ઉપર ૧૯૪૭માં આઝાદી પર્વે શ્રી અરવિંદે આપેલ સંદેશમાં વ્યક્ત કરવામાં આવેલી એક આશાનો પ્રભાવ જણાય છે. રાષ્ટ્રના વિભાજન વિશે શ્રી અરવિંદે જે કહ્યું હતું તેનો એક અંશ આ પ્રમાણે છે:
"It is to be hoped that this settled fact will not be accepted as settled for ever or as anything more than a temporary expedient."[૨]

પૂજાલાલની કવિતામાં પ્રાચીન આર્યાવર્તનું ગૌરવ, મધ્યકાલીન ક્ષાત્રત્વના શૂરત્વનું આકર્ષણ, વર્તમાનમાં પૌરુષસભર જીવન જીવવાની વર્ચસ્વમય ટેક, ભારતના સુભવ્ય ભાવિ વિશેની અચલ શ્રદ્ધા તથા જગભરમાં જંગમ રૂપે રાજતી રળિયાત ગુજરાત પ્રત્યેની શ્વાસોચ્છ્વાસ જેવી અકૃત્રિમ પ્રીતિ ભરપૂર જોવા મળે છે.

## (૨) "~~કાલિંદી~~"

૧. "કાલિંદી" (૧૯૪૨) ના કવિ નાથાલાલે "હિમાદ્રિ" કાવ્યમાં પ્રકૃતિદર્શન કરાવતાં કરાવતાં રાષ્ટ્રીય અસ્મિતાનું પ્રગટીકરણ સહજભાવે કરી લીધું છે. "મારા દેશે જાહ્નવીના પ્રવાહ જેવાં ઢોળ્યાં સંસ્કૃતિનાં અખૂટ વારિ", એવું હિમાદ્રિનું રૂણ કવિહૈયે વસેલું છે. - વિશ્વકારુણ્યની જાહ્નવી વહાવતી ભારતની સંસ્કૃતિનાં દર્શન વર્તમાનકાળે કરવાની કવિને ઉત્કંઠા છે. ભારતસંસ્કૃતિસ્ત્રોત આજે સર્વથા વિનષ્ટ થઇ ગયો છે એમ કવિ માનતા નથી. ભારતના ગૃહજીવનની માધુરીમાં તથા વિવિધ વર્ણ અને વિવિધ ધર્મના સમૂહમાં કવિને "અસ્ખલિત ગતિમંત સંસ્કારનો" પ્રવાહ વહેતો જણાય છે. પરતંત્ર અને નષ્ટગૌરવ ગણાયેલું ભારત, કવિવર રવીન્દ્રનાથ, મહર્ષિ અરવિંદ તથા મહાત્મા ગાંધી જેવા નરરત્નો વિશ્વખોળલે ધરી રહ્યું છે, એ પણ કવિને ભારતના સંસ્કૃતિ-પ્રવાહની અવિચ્છિન્નતાનું સુચિહ્ન લાગે છે.

અભય ધારીને કારાગૃહે ધસતા ભારતમાતાના પુત્રો "ભૂંસી રહયા લલાટ પરથી કલંક પરતંત્રતાનું, મથે પ્રગટવા અહીં પુનિત સૂર્ય સ્વાતંત્ર્યનો". આ વીર સપૂતો સમક્ષ "દૂર ચલો"કાવ્યમાં સ્વાતંત્ર્ય સિધ્ધિના માર્ગની અખૂટતા તથા વિકટતા દર્શાવતી વેળાએ કવિ કહે છે: "મુક્તિના પ્યાસી વીર!....રે અખૂટ પંથ પરે દૂર ચલો દૂર". રાષ્ટ્ર-ઉત્થાનના આવા સાફલ્યટાણે જન્મ પામવાની જ કવિએ ધન્યતા અનુભવી છે:

"સુધન્ય મુજ જન્મ આ અખિલ રાષ્ટ્ર ઉત્થાનના
મહાયુગ મહીં, કરું જીવન ધન્ય અર્પી તને".૮ (પૃ. ૬૪)

ગાંધીયુગના કવિની તીવ્ર જીવનલક્ષિતા "કાલિંદી"કાવ્યમાં પ્રગટ થયેલી છે. જીવનમાં જયારે પાર્થતણા પૌરુષ તથા ભીષ્મતણા વ્રતની આરાધનાની અનિવાર્યતા સમજાતી હોય ત્યારે કવિ ચિંતવે છે: "પરાધીનને શાં રસગુંજન, શા બંસીના સૂરો?"

ભારતની મર્યાદાઓથી-"નાના સ્વાર્થો, ક્ષુલ્લક કલહ અમારા"- નાથાલાલ અણજાણ નથી. જનજીવનની ક્ષુદ્રતાઓનો સંહાર કરવા માટે તથા રાષ્ટ્રપ્રાણની જાગૃતિ અર્થે સુંદર સમીરણની નહિ, પણ ઝંઝાનિલની, કોમળતાની નહિ પણ પરંતુ કરાલતાની અપેક્ષા ગાંધીયુગના કવિની જેમ નાથાલાલે રાખી છે.

૨. "સ્વપ્નપ્રયાણ" (૧૯૫૯)માં હરિશ્ચંદ્ર ભટ્ટે ધારવિને પ્રાર્થના કરેલી છે. એમાં કોઇ સંકુચિત રાષ્ટ્રીય સ્વાર્થની બૂ આવતી નથી. કોઇ પણ રાષ્ટ્રના ઉત્કર્ષ અર્થે સેવી શકાય એવી સમુજ્જવળ એ આકાંક્ષા છે:

"................સરજવા સૃષ્ટિ કો નૌતમાંગી
માગું હું ભારતે આ ભગીરથ સમ કૈં પૌરુષાર્થી યુવાનો
ને એની પ્રેરણા શી અવિરત શ્રમ લે એવી મુગ્ધાંગનાઓ."

(પૃ. ૧૧૯)

અહિંસાના પથે ચાલવામાં માનવજાતિનું કલ્યાણ છે એવી શ્રધ્ધા

હરિશ્ચંદ્ર ભટ્ટે સૂત્રાત્મક રીતે વ્યક્ત કરેલો છે:

"માનવીઉરની આંધી, ધર્મમંગલથી શમે,
રાષ્ટ્રોનાં ઉરની આંધી, અહિંસામંત્રથી શમે."

રાષ્ટ્રોનાં ઉરની આંધી શમાવવાની ચિંતા સેવતા આપણા કવિઓનાં મનમાં માનવજાતિના મંગલ માટે ભયપ્રદ બનતો સંકુચિત અહંવાળો રાષ્ટ્રવાદ મૂળ નાખી શક્યો નથી.

૩. સ્વાતંત્ર્યપ્રાપ્તિ માટેનું યુધ્ધ લડાતું હતું ત્યારે– ભારતની પરતંત્ર અવસ્થામાં જ, આઝાદી હાંસલ કરવાનો વિજય સિધ્ધ કર્યા પછીનું ભારતનું લક્ષ્ય શું હશે તે વિશે ગુજરાતના કવિની દૃષ્ટિ સ્પષ્ટ થઇ ચૂકી હતી:

"અમારા માર્ગમાં ચમકાર તીખો સત્ય કેરો,
અમારે યુધ્ધમાં આનંદ છે ચારિત્ર્ય કેરો.
અમારે મૃત્યુમાં વિશ્વાસ છે સ્વાતંત્ર્ય કેરો:
જયાન્તે ધ્વજ ઊડાવીશું અમે જગશાન્ત કેરો."

(સંસ્કૃતિ, ૧૯૪૬, ૧૧)

ભારતીય સ્વાતંત્ર્યજંગની વિશિષ્ટતાઓ દર્શાવીને તથા અંતિમ વિજય વિશે દૃઢ શ્રધ્ધા વ્યક્ત કરીને પારાશર્યે વિશ્વશાંતિના ધ્વજને ભારતના ચોક વચ્ચે લહેરાવવાની જે ભાવના પ્રગટ કરી છે તેમાં આઝાદ ભારતના ભાવિ કર્તવ્ય વિશેની એમની સાફ સમજદારી જ પ્રગટ થયેલી છે.

૪. યુવાન વયે અવસાન પામેલા ગોવિન્દ સ્વામીના "પ્રતિપદા" (૧૯૪૮) કાવ્યસંગ્રહમાં ગાંધીયુગની સમગ્ર કવિતામાં જોવા ન મળી હોય એવી સશસ્ત્ર ક્રાન્તિની સ્પષ્ટ હિમાયત કરાયેલી છે. ગોવિન્દ સ્વામીએ થોડો સમય ગેરીલા ટ્રેઇનીંગ કોરમાં તાલીમ લીધી હતી. ગુલામીની શૃંખલા તોડવા માટે ગોવિન્દ સ્વામીનો હિંસક બળવા માટેનો આગ્રહ એમની વિક્રમઝંખનાને સ્વાતંત્ર્યપૂર્વેની કવિતામાં જુદી જ સપાટી ઉપર મૂકી આપે છે. આ સંદર્ભમાં એમનું "મુલ્કની હિફાજતે"

કાવ્ય જોઇએ:

"આજ અગ્ર જુવાન સર્વ જાગજો.

સશસ્ત્ર સર્વ ઊઠજો.

.....હઠાવો દુશ્મનો, સ્વતંત્ર હિન્દની નિહાળવી છબિ.

......ગુલામીની શૃંખલા સમગ્ર એક સાથ તૂટશે,

સ્વતંત્ર હિન્દ વિશ્વમાં હુલાસભેર ઝૂલશે." (પૃ. ૬૮).

એમ તો બીજા વિશ્વયુધ્ધ સમયે ફેસિસ્ટો સામે સશસ્ત્ર યુધ્ધ કરવાની ખ્વાહીશ પણ ગોવિન્દ સ્વામીએ સેવી હતી:

"ચલ વિજય-મંઝિલે,

દુષ્ટ ફેસિસ્ટને જેર કરવા,

મુલ્કને મુક્ત-આઝાદ કરવા." (પૃ. ૬૭)

આત્મરક્ષા માટે આવશ્યક એવી ઉદ્દામ લડાયકવૃત્તિ ગોવિન્દ સ્વામીની કવિતામાં દેખાય છે. રાષ્ટ્રની પ્રાણશક્તિને સચેત રાખવા અર્થે આવી આક્રમકવૃત્તિ જરૂરી પણ ખરી. શ્રી અરવિંદે સાચું જ કહ્યું છે: 'Aggression is necessary for self-preservation and, when a force ceases to conquer, it ceases to live'..[9]

ગોવિન્દ સ્વામીની કવિતામાં દેખાતા પરાક્રમભાવને તથા આક્રમણનો પ્રતિકાર કરવાની વૃત્તિને રાષ્ટ્રીય અસ્મિતાના એક આવિષ્કરણરૂપ ગણી શકાય.

સશસ્ત્ર ક્રાન્તિની હિમાયતને બાદ કરતાં, ગોવિન્દ સ્વામીની કવિતામાં "કેવળ રાષ્ટ્રીય બિંદુથી પર થઇને જગતના નાગરિક" તરીકેનો વ્યક્ત થતો મનોભાવ અને "જગતના સમસ્ત અનિષ્ટ સામે, તત્કાલ સફળતા મળો યા ન મળો તો પણ ઝૂઝયે જવાનું વલણ" ગાંધીયુગની કવિતામાં સામાન્યતયા જોવા મળે છે (પ્રતિપદાનો સુન્દરમ્-લિખિત પ્રવેશક) દેશનું જ નહિ, પણ સમગ્ર માનવજાતિનું હિત ચિંતવવાના ગોવિન્દ સ્વામીના મનોભાવનાં ઉદાહરણો બીજા વિશ્વયુધ્ધ વિશેનાં એમનાં કાવ્યોમાંથી મળશે:

"જગે ક્યારે શીળાં ઝરણ ફૂટશે, આગ શમશે?
મહાનંદે પૃથ્વી પ્રિય પ્રણયપંત્રો ધ્વનવશે?" (પૃ. ૧૫)

... ... ...

"રે! રે! આ આત્મહત્યા, મનુજ મનુજની ઘોર ઝેરી જિઘાંસા!
ક્યારે, ક્યારે વિરામે? અચુત નયનથી ઝૂકી પૂછંત આશા!" (પૃ. ૩૦)

ગાંધીયુગના કવિતામાં દેખાતો પૌરુષભાવ પ્રજા તરીકેનો આપણો આત્મવિશ્વાસ વધેલો છે; આપણી શક્તિમાં આપણને શ્રદ્ધા બેઠી છે એની નિશાની છે, આપણી વિશેષ જલવંત બનેલી પ્રજાકિસ્મતનું એ ચિહ્ન છે, એમ સુન્દરમે "પ્રતિપદા"ના એમના મૂલ્યવાન પ્રવેશકમાં યથાર્થ રીતે જ કહ્યું છે. "આપણી કવિતા અને આપણા જીવનમાં થયેલા યુગપલટનું દર્શન" કરવા માટે ગોવિન્દ સ્વામીના "સહસ્ત્રલિંગ જોઇને" એ નાનકડા કાવ્યની નરસિંહરાવના એ જ વિષય ઉપરના "સહસ્ત્રલિંગ તળાવને કાંઠેથી પાટણ" સાથે સરખામણી કરી જોવાનું પણ સુન્દરમે સૂચવ્યું છે. પહેલાં નરસિંહરાવના કાવ્યની કેટલીક પંક્તિઓ નોંધીએ:

"અહિંયાં સહસ્ત્રલિંગ તળાવ વિશાળ હતું,
અહિંયાં પાટણ જૂનું અહિંઆ સૂતું,
....એમ દઇ દઇ નામ કરવી રહી વાતો હાવાં,
પાટણપુરી પુરાણ! હાલ તુજ હાલ જ આવા!
ગુજરાતનો પૂત રહી ઊભો આ સ્થળમાં,
કોણ એહવો જેહ નયન ભીંજ્યાં નહિ જળમાં?"

નરસિંહરાવની કવિતામાં અતીતના ગૌરવનું સ્મરણ છે, પણ એ સ્મરણ જાણે વિષાદ અને કંઇક અંશે હતવીર્યતાનો અનુભવ કરાવે છે. જયારે ગોવિન્દના કાવ્યમાં ભૂતકાળની ભવ્યતાની સ્મૃતિ ઉપસાવવામાં આવી છે ખરી, પરંતુ કવિ તે "માઇટી હિસ્ટ્રી" સામું જોઇને ગ્લાનિયુક્ત મનોભાવ ધારણ કરીને નિ:સહાય લાચારી અથવા તો ક્યાં એ પરાક્રમી પૂર્વજો અને ક્યાં અમે એનાં પામર સંતાનો એવો લઘુભાવ ધારણ કરવાને બદલે, "વિરાટ જગ સાથ બાથ ભરનાર" એ પૂર્વજોના તેજપુંજના અમે

વર્તમાનકાલીન વારસદારો છીએ તથા ભૂતકાળના જેવો જ "માઇટી હિસ્ટ્રી" અમે સર્જનાર છીએ, એવી આત્મવિશ્વાસની ખુમારીવાળી વાણી ઉચ્ચારે છે. "સહસ્ત્રલિંગ જોઇને" કાવ્યની નીચેની પંક્તિઓ આપણા જીવનમાં થયેલા "યુગપલટા"નું ખરે જ દર્શન કરાવી જાય છે:

"વિરાટ જગ સાથ બાથ ભરનાર એ પૂર્વજો
.... અમે તનુજ સર્વ એ પરમવિક્રમાકીર્તિણા
ઝગંત અહ! તેજપુંજ અમ પૂર્વજોનો મહા!
.... અમે વિગત તેજઅંશ નિજ તેજ ઉજ્જવાળશું,
વિલીન ગત તેજની ઝલક ભવ્ય પ્રજ્વાળશું." (પૃ. ૧૩)

૫. કેટલીક વખત નાચીઝ વસ્તુ પણ વતનપ્રેમનું કિંમતી સંવેદન કવિમનમાં જગવી જાય છે. એવું એક સંવેદન પગમાં વાગેલો એક કાંટો રમણીક અરાલવાળાના મનમાં જગવી જાય છે:

"ભલે ભાગ્યો મારે ચરણ અયિ કાંટા વતનના!
હવે ખોડંગાતો મુલક મહીં ભારે ડગ ભરું,
અને મૈયા! તારે ચરણ કઠતા કંટક સ્મરું."
("પ્રતીક્ષા," ૧૯૪૧, પૃ. ૧૩)

તુચ્છ વસ્તુમાંયે ગંભીર રહસ્ય જોવાનું ગાંધીયુગના કવિનું વલણ ઉપર્યુક્ત પંક્તિઓમાં પ્રગટ થયેલું છે.

માતૃભૂમિનાં ચરણોમાં કઠતા કંટકો એ માતૃભૂમિની વર્તમાન અવસ્થા. પરંતુ ભવિષ્યમાં એ કઠતા કંટકો દૂર થવાના છે, ભારતનું ઉજળું વહાણું પ્રગટવાનું છે, એવી શ્રધ્ધા અર્વાચીન કવિતામાં સેવાયેલી દેખાય છે. મગનભાઇ પટેલની પ્રસિધ્ધ કાવ્યપંક્તિ-"એક દિન એવો આવશે, જયારે અમીઝરણો ઝરંતાં પૃથ્વીનેય પલાળશે"-ની અસર નીચે ઇન્દુલાલ ગાંધીએ "ઉન્મેષ" (૧૯૪૮) માં ભારતના ઉજ્જવળ ભાવિ વિશે શ્રધ્ધા વ્યક્ત કરતું કાવ્ય રચ્યું છે: "થાશે કસુંબી રંગ, મા, તારો થાશે કસુંબી રંગ." ભારતમાતાનો આવો રૂડો દિવસ ક્યારે ઊગશે

એની આરતભરી પ્રતીક્ષા કરતાં કાવ્યો ગુજરાતી ભાષામાં રચાયાં છે. મનુ હ. દવેએ "ભારતમાતા" કાવ્ય (સરસ્વતી", ૧૯૪૯) માં એવી પ્રતીક્ષા સેવેલી છે:

"ઉન્નત મસ્તક માત! ઉભીશ તું મુક્તદેવી શી સંસારે?
એ દિન ક્યારે સુખદાતા?
જય જય હે ભારતમાતા!"

: ૩:

મુક્તદેવી શી ભારતમાતા સંસાર વચ્ચે ઉન્નત મસ્તક સાથ ઊભી રહે એવો સુખદાતા દિવસ ખરેખર સમીપ આવી પણ પહોંચ્યો. ૧૮૪૫-થી માંડીને ૧૯૪૭ સુધીની ગુજરાતી કવિતામાં દેશના ઉત્કર્ષ અર્થેની વિવિધ મથામણોનાં પ્રતિબિંબ ઝિલાયાં છે. એ મથામણો ફૂલવતી બને છે ૧૯૪૭માં, ચિરઇપ્સિત સ્વાતંત્ર્યપ્રાપ્તિના અવસરે. પરંતુ રે આશ્ચર્ય! જે લક્ષ્યને સિદ્ધ કરવા માટે છેલ્લાં સો વર્ષો દરમિયાન અભાનપણે યા સભાનપણે આપણે ઝઝૂમતા હતા તે સિધ્ધ થવાનો ખરો મોકો આવ્યો ત્યારે દેશના અંગવિચ્છેદને કારણે સ્વાતંત્ર્યપ્રાપ્તિનો આનંદ આપણા કવિઓમાં જાણે કે ઓસરી ગયો, અથવા હિજરતો લૂંટ બળાત્કાર અપહરણ ખૂનામરકીને કારણે એ વિષાદમિશ્રિત બની ગયો. "કોને લાધ્યાં અનહદ સુખો? દુ:ખ વા એકલું એ?" એ વ્યક્તિજીવન માટે કહેવાયેલી નાનાલાલની અનુવાદપંક્તિ સ્વાતંત્ર્યપ્રાપ્તિના પ્રસંગ પૂરતી આપણા સમગ્ર રાષ્ટ્રજીવન માટે પણ સાચી પડતી લાગે છે. સ્વાધીનતાપ્રાપ્તિના અવસરને આપણો કવિ સભર ઉલ્લાસપૂર્વક વધાવી શક્યો નહિ તે કાળની બલિહારી. અંગ્રેજોના રાજ્યશાસનના સ્થાપન સમયે દલપતરામે લખેલી પેલી પ્રસિધ્ધપંક્તિઓ—"હરખ હવે તું હિંદુસ્તાન" ત.—ને બ્રિટિશશાસનના ઉત્થાપન વખતે જુદા જ અર્થમાં પ્રયોજવાનો એક અન્ય ગુજરાતી કવિને પ્રસંગ આવ્યો તે કાળની બીજી બલિહારી! નાથાલાલ દવેએ "જાહ્નવી" (૧૯૬૧)માં એ પંક્તિઓને કેવી રીતે મૂકી

છે:

"ઝેર ગયાં ને વેર ગયાં, વળી કાળા કેર ગયા કરનાર ,

ઉતરે આ ભૂમિ ઉપરથી પરદેશી શાસનના ભાર" (પૃ. ૨૭) .

પરદેશી શાસન ગયું તો ખરું, પણ દેશના બે અલગ ટુકડા કરીને ગયું. દેશના ભાગલાની જાહેરાત સાંભળીને આધુનિક યુગમાં આ નવા સમુદ્રમંથને ગોરાઓની કુટિલ રાજનીતિને કારણે પ્રાચીનકાળનો ક્રમ કવિને ઉલટાયેલો લાગે છે:

"ગૌરાંગ સ્વામીએ કિન્તુ એવી ગોઠવી છે કળ,

અસુરો અમૃત પામે, દેવો પામે હલાહલ." (જાહ્નવી, ૧૭).

કવિએ આવો કટાક્ષ તો કર્યો, પરંતુ એમના હૃદયની જુદી ઝંખના મુસ્લીમો પ્રત્યેના એમના નીચેના સંબોધનમાં પ્રગટ થયેલી દેખાય છે:

"ચણો આજે ભલે બુરજો, દિયો ભો બાગ ઉજાડી,

દિલે દિલ ભેટશે કોઇ દિન દિવાલો સર્વ એ પાડી."

(જાહ્નવી, ૨૦).

દેશળજી પરમાર તથા પૂજાલાલે વ્યકત કરેલા આવા ભાવની આગળ નોંધ કરી જ છે.

જે દિવસની વર્ષોથી પ્રતીક્ષા હતી, "જેની ઉષાનો પાલવ દૂધમલ શહીદો તણા રકતથી રંજિત" થયેલો હતો, તે આવી તો પહોંચ્યો; રાષ્ટ્રદેહ ઉપરના ગુલામીના દીર્ઘસમયના જખમની દવા પણ મળી, પરંતુ વિપરીત જણાતા સંજોગોમાં :

"ગુલામીના જખ્મ તણી દવા મળી -

આઝાદી, તેય બસ વાઢકાપથી."

(વેણીભાઇ પુરોહિત, "દીપ્તિ", પૃ. ૬૯ ).

પરિણામે આઝાદીને વધાવવાનો કવિનો ઉમળકો મોળો પડી જાય છે. સ્વરાજય પ્રાપ્તિના અવસરે આપણા કવિની એક આંખમાં આનંદ છલકે છે, તો બીજી આંખમાં અશ્રુબિંદુઓ બાઝે છે.

"માસ ઑગસ્ટ હે !

લોહીશીનો છતાં તું શુકનવંત છે,"

મુક્તિની ઘોષણાનો મહાછંદ છે". (વેણીભાઇ, ઝિંજારવ" પૃ. ૧૨).
"કે દી એ વાર્ણલાં વાશે?" સ્વરાજ્યપ્રભાત વિશે એવો ઉત્કંઠાભેર પ્રશ્ન ગાંધીયુગની કવિતામાં પૂછાતો રહ્યો હતો. "વીતી રાત્રિ કુટિલ કપરી દોઢ સૈકાની દીર્ઘ !" ને પંદરમી ઑગસ્ટ ૧૯૪૭ના રોજ "વાદળે વહાણું" વાયું. કુરબાનીનું સાફલ્યટાણું આવી પૂગ્યું –

" ત્યારે શાને ધૂમસધૂસરૂં વાદળી વાય વાર્ણું ?
....ઉછાળા રે ઉરઉમળકાના પડી જાય પાછા!"
(બાલમુકુન્દ, "પરિક્રમા" પૃ. ૧૨૮.)

યુગપલટે એકાદ વાર આવતા આવા ટાણાને વધાવવાને કવિહૃદયના ઉમળકા ઉછળી શકે નહિ એ કેવી મજબૂરી ! મુક્તિમિલન આંખ સામે જ છતું છે "ત્યારે અરે સિધ્ધિતણા આનંદથી રૂંવુંય કાં ના ફરકતું ?" એવો પ્રશ્ન બાલમુકુંદે પૂછયો છે. દેશમાં આઝાદી આવવાના અવસરે તથા એ પછી બનેલા માનવતાના હ્રાસના ધરતીકંપ જેવા પ્રસંગોએ કવિ સહસા પૂછી બેસે છે:

"આ શું ઉદય ભાગ્યનો ?
કે આવતું ઘેરૂં બીજું પતન ?" ("પરિક્રમા", પૃ. ૧૩૦).

દેશનું ધૂમસધૂસરૂં વાતાવરણ જોઇને કવિનું ચિત્ત વિમૂઢ તો બની ગયું, પરંતુ સ્વાતંત્ર્યના માર્ગે જયારે યાત્રા આરંભી જ છે ત્યારે " સો સો વટાવીને મુસીબતડુંગરા", એ યાત્રાને આગે બઢાવવી જ રહી, એવા બાલમકુંદના સંકલ્પમાં કાવ્યાંતે ફૂટતું આશાકિરણ ભાવકને દેખાય છે. આમ છતાં, કવિના આવા સંકલ્પમાંય ઉરનો વિષાદ અણછતો રહી શકતો નથી. ૧૯૪૭ની પંદરમી ઑગસ્ટે અથવા ૧૯૫૦ના જાન્યુઆરીની ૨૬મીએ સાર્વભૌમ પ્રજાસત્તાક રાજ્યની સ્થાપનાના દિવસે "સ્વાતંત્ર્યનો સાચો સ્વાદ મળે છે તેવી લાગણી ન થઇ તો તેનું કારણ પ્રજાશરીરમાં રહી ગયેલા રોગદોગ હતા", એવું શ્રી ઉમાશંકરે પરિસ્થિતિનિદાન કરેલું છે. સ્વાતંત્ર્યપ્રાપ્તિ થઇ, પણ હજુ "રાષ્ટ્રનો મોટો અસત્ કર્મનો પુંજ ભસ્મ થવો બાકી હતો". [૧૦] શ્રી ઉમાશંકરના મનમાં ભારતીય પ્રજાના

સ્વાતંત્ર્યપ્રાપ્તિના પુરુષાર્થ વિશે કંઇક શંકા હોય એમ એમણે "વસંતવર્ષા"-માં પૂછયું પણ છે:

"દેશ તો આઝાદ થાતાં થઇ ગયો,
તેં શું કર્યું ? "

દેશના ભૂતકાળનો તમામ "અસત્ કર્મનો પુંજ" ભસ્મીભૂત કરવામાં હિંદવાસીઓનું વ્યકિતગત રીતે અર્પણ ઊણું રહી ગયું હોય એમ શ્રી ઉમાશંકરને લાગ્યું છે.

સ્વાતંત્ર્યદિનને અનુલક્ષીને લખાયેલા નિરંજન ભગતના કાવ્ય "સંસ્મૃતિ" માં કવિહૃદયની ઘનીભૂત વ્યથા ટપકે છે:

"આવ હે મુકિતદિન !
આજ તું જોઇ લે ભગ્ન મમ સ્વપ્નલીન ! ("છંદોલય", ૧૯૫૭, ૩૪)

સ્વાતંત્ર્યદિને આનંદની આછીયે ઝંકૃતિ કવિને સંભળાતી નથી. નિરંજનનો આ કોઇ માત્રવૈયકિતક પ્રતિભાવ નથી. સ્વાધીનતાપ્રાપ્તિના સમયે લગભગ બધાજ કવિઓનો આવો મનોભાવ હતો. રાષ્ટ્રના ઐકયના પૂરા થયેલા "અગ્નિસંસ્કાર" માંથી જન્મેલો મુકિતદિન કવિને કઇ રીતે આનંદિત કરી શકે ? વળી કવિને સંભળાય છે નોઆખલીની "હોળીઓ હોલવવામાં રોકાયેલા" ગાંધીજીનો વિષાદભર્યો સ્વર:

"નજીક નોઆખલી, તીર સાબર તણા તો ઘણા દૂર છે !" જીવતા મૃત્યુને વરેલા નિર્વાસિતોની અંતહીન વણઝાર કવિને ખિન્ન કરે છે. આવા અંધકારઘેર્યા વાતાવરણ વચ્ચે કવિને યાદ આવે છે રાષ્ટ્રયજ્ઞમાં વિલીન થઇ ચૂકેલા દૂધમલ શહીદો. કવિનું લથડી ચૂકેલું ચિત્ત એ શહીદોની યાદે કંઇક ટટ્ટાર થાય છે. કવિ ધૈર્યપૂર્વક એ શહાદતની દુહાઇ દઇને ભવિષ્ય માટેનો આવો આશાયુકત સંકલ્પ કરે છે:

"એક દિન સપ્ત સ્વરમાં અમે પ્રગટશું તાહરી ઝંકૃતિ,
વિશ્વમાંગલ્યની મ્હોરશું નૂતન કો સંસ્કૃતિ !" (પૃ. ૪૨-૪૩).

વર્તમાનમાં કવિ છિન્નતાની વેદના સહે છે. પરંતુ વર્તમાનના અનસ્ત અંધકાર વચ્ચેય આપણો કવિ ભારતના તેજસ્વી ભાવિ વિશેની શ્રધ્ધા ગુમાવીને બેઠો હોય એવું જણાતું નથી.

આઝાદીનો વિષાદમિશ્રિત આનંદના ભાવ સાથે ગુજરાતી કવિતામાં સત્કાર કરાયો છે. ક્વચિત્ હૃદયના ઉલ્લાસપૂર્વક પણ એને વધામણાં અપાયાં છે. ૧૯૪૬માં જવાહરલાલના નેતૃત્વ નીચે કેન્દ્રીય પ્રધાનમંડળ રચાયું ત્યારે જ આવી રહેલી આઝાદીનાં એંધાણ મળી ચૂક્યાં હતાં. ૧૯૬૪માં પ્રગટેલા સ્વાતંત્ર્યના ઉષઃકાળનું પિનાકિન ઠાકોરે કરેલું વર્ણાનુપ્રાસની નિર્વ્યાજ સુંદરતાથી મઢેલું આ આલેખન જુઓ:

"જો પૂર્વમાં કિરણ કાંચન વર્ણ રેલી,
ધીમે જગાડી તરુ-પલ્લવ-પુંજ કુંજે,
ઊગે પરોઢ; પુરનાં પંથ ને હવેલી,
ગીતે પ્રસન્ન મધુ મંગલ આજ ગુંજે" ("આલાપ, ૧૯૫૨, પૃ. ૧૧૩)

૧૫ ઓગષ્ટ, ૧૯૪૭ના પ્રભાતે "અંધારી રાત પોતે જ પ્રભાતરૂપ થૈ ગઇ!" એવો સુભગ અનુભવ ઉશનસ્‌ને થયો; ભારતસુંદરી "પ્રાતઃ સ્નાત સ્નુષા" જેવી શોભતી કવિને દેખાઇ. ભારતમાતાનું ભાવનારંગ્યું પ્રશસ્તિગાન કરીને ઉશનસ્ શ્રધ્ધા વ્યક્ત કરે છે:

"માતા હે, આજ એ તારું વેદપ્રાચીન રૂપ મેં
જોયું, જે અર્પશે પાછું પુરાણું સત્ત્વ વિશ્વને.
માતા, પ્રાતઃ સમે આજે તારા સામું નિહાળીએ,
એ જ આશાથકી પાછો હોમ આ પ્રગટાવીએ."

("પ્રસૂન, પૃ. ૧૨૧)

ભારતનું વેદપ્રાચીન સ્વરૂપ તથા એનો "અનાદિ અખંડિત વ્હેતો" સંસ્કૃતિસ્રોત કવિઅંતરને હંમેશ પુલકિત કરતો રહયો છે. ભારતે સિદ્ધ કરવાનાં મહાન કર્તવ્યો વિશે વિચાર કરતી વેળાએ કવિકંઠમાંથી સહજભાવે આશા તથા શ્રધ્ધાનો સ્વર નીકળે છે. ભારતીય સંસ્કૃતિનું સ્વરૂપ પ્રગટ કરવાની નેમ રાખતા ઉશનસે ગાયેલા ભારતસ્તોત્રમાંથી એનું એક ઉદાહરણ લઇએ:

તપસ્વી કાલમર્મજ્ઞ, ભવ્ય બ્રહ્મર્ષિ ભારત!
સંન્યાસી સંયતાત્મા હે, આપનો જય છે ધ્રુવ."

("પ્રસૂન" પૃ. ૧૧૭)

પ્રજારામે પણ દેશ વિશેના સાત્ત્વિક પ્રેમપૂર્વક ભારતની સાચી કાર્યદિશા વિશે ઈંગિત કરેલ છે:

"દીપ થકી તવ પ્રકટ દીપ કર સહુ પૃથિવીના, માત!
ધરા-હૃદય હે! પ્રકટિત કર પૃથિવી પર પરમ પ્રભાત!"
("પત્રી," પૃ. ૧૪)

અર્વાચીન ગુજરાતી કવિતામાં થયેલી આવી ભારતપ્રશસ્તિ વિશે જ્યારે વિચાર કરીએ છીએ ત્યારે લાગે છે કે ગુજરાતના કવિઓએ, યોગ્ય રીતે જ, રાષ્ટ્રને એક સંકલ્પશક્તિવાળા સચેતનતત્ત્વરૂપે નિહાળ્યું છે. ભારતના આત્માનો પરિચય પામીને તથા ભારતને એક જીવંત વ્યક્તિ રૂપે નીરખીને ગુજરાતી કવિઓએ ઉચ્ચારેલાં ભારતસ્તુતિવચનો વાંચતી વેળાએ શ્રી નલિનીકાન્ત ગુપ્તના આ શબ્દો ખૂબ સાચા લાગે છે: "રાષ્ટ્ર એટલે એમાં આવી રહેલી વ્યક્તિઓનો કુલ સરવાળો નહિ. એ એક સામુદાયિક વ્યક્તિત્વ છે, સંઘચેતના છે તેમાં રહેતી વ્યક્તિઓ જાણે કે તેના કોષો છે, સજીવ અને સચેતન શરીરમાં હોય છે તેવા.... રાષ્ટ્ર એક જીવંત વ્યક્તિ છે."[૨૯]

સ્વાતંત્ર્યપ્રાપ્તિના અવસરે આનંદથી તથા મદથી છકી જવાનો ભાવ કે ભૂતકાલીન શાસકો પ્રત્યેનો વિદ્વેષનો ભાવ ગુજરાતી કવિતામાં દેખાતો નથી. આઝાદી પ્રાપ્તિના સંગ્રામ સમયે તથા સ્વરાજ્ય હાસલ કર્યું એ સમયે, રાષ્ટ્રપ્રેમ ખાતર જીવનનાં ઉત્કૃષ્ટ મૂલ્યોનો ભોગ આપવાની તત્પરતા આપણા કવિઓએ દેખાડી નથી, એને તંદુરસ્ત રાષ્ટ્રભક્તિનું એક સુચિહ્ન ગણીશું. કવિવર ટાગોરે એમની "ઘરે-બાહિરે" નવલકથામાં દેશ કરતાં પણ સત્યને ઊંચું ગણવાનો આદર્શ ભારત સમક્ષ મૂકેલો જ હતો. દેશભક્તિની સાથે સત્ય અને માનવતાનો સુયોગ થાય તથા સ્વાતંત્ર્ય સાથે શીલનો સમન્વય થાય એવી વાંછના ગુજરાતના કવિએ પ્રગટ કરેલી છે:

"પ્રભો, સ્વાતંત્ર્યના સાગર પરે હો શીલની રપા,
અને જીવન અમારું યજ્ઞની જ્વાલા સદા માગે."
(-મકરંદ દવે, "જયભેરી", પૃ. ૩૮)

સ્વરાજ્ય સિધ્ધિના ટાણે કવિને નવવિકાસની વિશાળ ક્ષિતિજો ખુલ્લી થતી દેખાયેલી છે. કવિ મધુર આશાદર્શનપૂર્વક એથી ઉચ્ચારે છે:

"ચાલો મોરી કારવાં!
વીતી અંધારી રાત, જાગે જાગે જહાં. ચાલો.
ગાજે વધામણું ઢોલ, ગોરંભે ગંભીર બોલ,
ગુંજે શરણાઇ નવી જિંદગીના દેતી કોલ,
....સામે ધરતી અપાર, આભે પંખીના ગાન." (જાહ્નવી, પૃ. ૩૫)

દલપતરામે જેને "ભલી ભારતભૂમિ" તરીકે ઓળખાવેલ તે દેશ રાષ્ટ્રોત્થાનની યાત્રાનો એક તબક્કો પૂરો કરીને ૧૯૪૭ની પંદરમી ઓગષ્ટે એક મંઝિલે આવી પહોંચ્યો હતો. રાષ્ટ્રના નવજીવનની યાત્રાનો જ્યારે બીજો તબક્કો શરૂ થતો હતો ત્યારે કવિ ભવિષ્ય ભણી આશાભર્યું ડોકિયું કરીને ગુંજે છે:

"સામે ધરતી અપાર, આભે પંખીનાં ગાન."

: ૮: <u>ઉપસંહાર</u>

ઇ. સ. ૧૮૪૫માં અર્વાચીન ગુજરાતીની સમૃદ્ધિએ સર્વપ્રથમ કૃતિ "બાપાની પીંપર" રચાઇ, ઇ. સ. ૧૯૪૭માં ભારતદેશ સ્વતંત્ર થયો. આ સમયગાળા વચ્ચેની કવિતામાં રાષ્ટ્રીય અસ્મિતા કેવી રીતે જન્મી, વિકસી તથા ભારતનું રાજકીય પારતંત્ર્ય ખતમ થયું ત્યારે એ કેવી સિધ્ધિ પામી એનો ચિતાર આગળ અપાઇ ચૂકયો છે.

પોતાની કવિતામાં પ્રજાહિતને વિવિધપેરે લક્ષતો સંસાર - સુધારાકાળનો કવિ વ્યવહારમાં રાષ્ટ્રીય અસ્મિતાનું જ પ્રગટીકરણ કરી રહયો હતો. રાજભક્તિ એ જ એની રાષ્ટ્રભક્તિ હતી. દેશને સુદૃઢ રાજતંત્ર અર્પનાર તથા મુસલમાન-મરાઠાઓના અમલની છેલ્લી છેલ્લી સર્જાયેલી અંધેરરાજ્યમાંથી દેશને, ભલે પોતાના સ્વાર્થ ખાતર, મુક્ત

કરાવનાર બ્રિટિશરોમાં સંસારસુધારાકાળના કવિઓને ઊંડી શ્રધ્ધા હતી. આવી રાજભક્તિ ધરાવતે ધરાવતે પણ પ્રજાની સુપ્ત ચેતનાને ઢંઢોળવાનું કાર્ય એમણે કવિતા દ્વારા બજાવ્યું છે. એમની રાષ્ટ્રીયતા એ હિંદુ રાષ્ટ્રીયતા હતી. ઐતિહાસિક સંજોગોના પારપાકરૂપે આપણી રાષ્ટ્રીયતાની ગતિ ૧૯મી સદીના ઉત્તરાર્ધમાં હિંદુતા તરફ સ્વભાવિક રીતે જ થઇ હતી. એને લક્ષમાં લેતાં, આપણી રાષ્ટ્રીયતા હિંદુતાની છાંટવાળી ન બની હોત તો જ આશ્ચર્ય થાત. એમાં મુદ્દાની વાત એ છે કે હિંદુતા કદી હિંદીતાની ભાવનામાં બાધક નથી બની.

સંસારસુધારાકાળના કવિઓએ પૂરેપૂરી સમાજાભિમુખતા કેળવી છે. સમકાલીન પરિબળોથી એ પૂરા રંગાયા છે. પરંતુ સમકાલીન પરિબળોને શબ્દમાં નાથવાની "સાહિત્યસજ્જતા" એમનામાં પ્રમાણમાં ઓછી જણાય છે. દેશ વિશેના એમના ઉત્સાહને મુકાબલે એમની કવિત્વ શક્તિ બહુ ઉત્સાહજનક જણાતી નથી. અને અર્વાચીન ગુજરાતી કવિતાના વિકાસના આરંભને તબક્કે એમ થાય તે સ્વાભાવિક પણ છે. પંડિતયુગના બાલાશંકર, ભીમરાવ, દોલતરામ, મકરંદ જેવા કવિઓમાં આગળના ગાળાના કવિઓની સરખામણીમાં ભાષા તથા આલેખનનો સુઘડતા પ્રમાણમાં વિશેષ જણાય છે, પણ બ્રિટિશરાજ પ્રત્યેના એમના અભિગમમાં સંસારસુધારાકાળના કવિઓથી જુદો પડે એવો કોઇ તાત્ત્વિકભેદ જોવા મળતો નથી.

પંડિતયુગની વીસમી સદીની કવિતામાં હિંદુતાને બદલે હિંદીતાનો વધતો આગ્રહ દેખાય છે. સમગ્ર માનવજાતિના સંસ્કારી અસ્તિત્વ વિશે ચિંતા સેવતી આંતરરાષ્ટ્રીય દ્રષ્ટિનું એક નવું તત્ત્વ ન્હાનાલાલના સમયથી ગુજરાતી કવિતામાં ઉમેરાય છે. નાનાલાલે સંસ્કૃતિસમન્વય (ગોવસમાસ) ની ભાવના પ્રથમ વિશ્વયુધ્ધના અંત પછીના સમયમાં રજૂ કરી ત્યારે એ ભાવનાવિહારીની કલ્પનામાં કદાચ ખપી હોય. પરંતુ એ ભાવનાવિહાર નહોતો, જેની આવશ્યકતા અનુભવવી પડવાની હતી એવી એ વાસ્તવિકતા હતી, તે પાછળના સમયમાં સમજાયું.

દેશમાં બંગભંગ જેવો રાષ્ટ્રવિક્ષોભક પ્રસંગ બની ગયો હતો. પણ એની કોઇ પ્રત્યક્ષ કે પ્રબળ અસર ગુજરાતી કવિતા ઉપર નથી પડી. પંડિતયુગના ગુજરાતી કવિઓએ ઉદ્દામવાદીઓની રાજકીય વિચારસરણિનું આકર્ષણ અનુભવ્યું નથી. પ્રથમ વિશ્વયુધ્ધના અંત સુધી ગુજરાતી કવિઓની બ્રિટિશરાજ ઉપરની શ્રધ્ધા એકંદરે અવિચલિત રહી હતી. એનું એક કારણ પણ છે. શ્રી નરહરિ પરીખે બતાવ્યું છે એમ, "વાત એ છે કે, અંગ્રેજ પ્રજા પૂરેપૂરી શાહીવાદી છે અને તાબાના મુલકોને એમના ભલા માટે નહિ, પણ પોતાના સ્વાર્થ ખાતર તાબામાં રાખી રહી છે અને સુધારાની મૃગજાળ તેમને બતાવ્યા કરી તેનું શોષણ જ કરવા માગે છે, એ વસ્તુ ગયા મહાયુધ્ધ પછી જ પૂરેપૂરી તો ઉઘાડી પડી."૧૨. એ વસ્તુ ખુલ્લી પડી ને રસના ઉપાદાનરૂપ લોકહૃદયે બ્રિટન હિન્દ શુભસંયોગની વાતમાંથી શ્રદ્ધા ગુમાવી. પરિણામે, અત્યાર સુધી રાજભક્તિ તથા દેશભક્તિના જોડાજોડ વહેતા પ્રવાહોમાંથી રાજભક્તિનો પ્રવાહ ગુજરાતી કવિતામાંથી લુપ્ત થયો તે થયો.

પંડિતયુગમાં તથા એ પછી આવતા ગાંધીયુગમાં, સમકાલીન ઇતિહાસનાં પરિબળોને શબ્દમાં વાળવાની શ્રીઉમાશંકરે નિર્દેશેલી ગુંજાશ વધતી જણાય છે. બન્ને યુગના પ્રમુખ કવિઓનાં કાવ્યોમાં સ્વદેશભાવના તથા કવિત્વશક્તિ પરસ્પરને પરિપુષ્ટ કરતાં હોય એમ દેખાય છે. અદ્યતનકાળ સુધી આવતાં તો કથયિતવ્ય જેટલો જ ભાર અભિવ્યક્તિ ઉપર મૂકાતો દેખાય છે. અભિવ્યક્તિને વિશેષ ને વિશેષ પરિમાર્જિત કરવાની સભાનતા હવેના કવિમાં દેખાય છે. રાષ્ટ્રપ્રીતિની કવિતાને વધુ ને વધુ રસપર્યવસાયી બનાવવાના આપણા કવિના પુરુષાર્થનું એક લાક્ષણિક ઉદાહરણ જયંત પાઠકમાંથી લઇએ. કવિનું મન ભારતની પ્રાચીન તપોવન સંસ્કૃતિના ફલક ઉપર ઘૂમી વળે છે. પ્રાચીન આર્યજીવનનું મંજુલ શબ્દસુરાવટથી ગુંજતું આ ચિત્ર જુઓ:

"સઘન કાનન વિષે ઋષિકુલવાસે
યજ્ઞધૂમ ઉત્સરત ધૂસર આકાશે.
વિશ્રબ્ધ હરિણ ચરે કૂણાં તૃણાંકુર
રણઝણી રહે જહીં નિર્ઝરનૂપુર." ("મર્મર" ૧૯૫૭, પૃ. ૪૨)

ગાંધીયુગની કવિતામાં મુખ્યત્વે ગાંધીજીના મર્મગામી પ્રભાવને કારણે વિશ્વવાત્સલ્યભાવ, અહિંસક જીવનદૃષ્ટિ, પુરુષાર્થપ્રીતિ, પ્રજાકીય આત્મવિશ્વાસ, સત્યનિષ્ઠા તથા યુયુત્સાવૃત્તિનાં દર્શન થાય છે. ગાંધીયુગની કવિતામાં સ્વાતંત્ર્યઝંખનારૂપે, દીનજનવાત્સલ્યભાવે, ગાંધીજી પ્રત્યેની વંદનાના સ્વરૂપે, જીવનના જીર્ણશીર્ણ અંશોને તોડીફોડીને એને સ્થાને નવસર્જન કરવાની તમન્નારૂપે, તંદુરસ્ત પ્રાદેશિકભક્તિના રૂપે, એમ વિવિધ રીતે રાષ્ટ્રીય અસ્મિતાનું પ્રગટીકરણ થયેલું છે. આ ગાળાની કવિતાને સ્પાજવાદી વિચારસરણિનો રંગ પણ ચડેલો વરતાય છે. ગાંધીયુગના કવિની દૃષ્ટિક્ષિતિજો વિસ્તરેલી છે. એની કવિતાનો રાષ્ટ્રવાદ રૂંધીલો અને સંકુચિત બનેલો નથી. આંતરરાષ્ટ્રીય દૃષ્ટિમાં વિલોપન પામવામાં ગાંધીયુગના કવિની રાષ્ટ્રીય દૃષ્ટિએ ગ્લાનિનો નહિ પણ સાર્થક્યનો અનુભવ કરેલો છે.

અંગ્રેજોની શુભનિષ્ઠામાંથી એક પ્રજા તરીકેની આપણી શ્રદ્ધા ગાંધીયુગમાં તો ક્યારનીયે વિલીન થઇ ચૂકી હતી. પરદેશી સલ્તનત સમક્ષ વિનયવેષ્ટિત વાણીમાં કૃપાયાચનાઓ કરવાથી નહિ, પરંતુ કાંડાબળિયા બનીને આકરાં મૂલ્યો ચૂકવવાથી આઝાદી પ્રાપ્ત થઇ શકવાની છે, એ વાત પ્રજાને સમજાઇ ચૂકી હતી. આ ભાવોનો પડઘો કવિતામાં પડેલો છે. સુન્દરમે "પ્રતિપદા"ના પ્રવેશકમાં દર્શાવ્યું છે એ રીતે, જગતના સમસ્ત અનિષ્ટ સામે, અંધકાર તથા ભારે વિપત્તિઓ સામે, તત્કાલ સફળતા મળો યા ન મળો તો પણ ઝૂઝયે જવાનું ગાંધીયુગના કવિનું વલણ દેખાય છે. આવા વૃત્તિવલણમાં આત્મશક્તિનિર્ભર બનવા મથતી રાષ્ટ્રીય અસ્મિતાનું પ્રગટીકરણ જોઇ શકાય. આવી વૃત્તિનું એક લાક્ષણિક ઉદાહરણ "દૂર ચલો" કાવ્યમાંથી નોંધીએ:

"તારાં ચરણોને ચીરે છો કંટકો હજાર,
તને રોકવાને ઊભાં કાળાં કારાગાર,
તોયે હૈયામાં હામ ધરી,
ઉત્સાહે કદમ ભરી,

ફેડો અંધાર રેલી આત્માનાં નૂર." ("કાલિંદી" પૃ. ૮૭)

આત્માનાં નૂર રેડીરેડીને ભારતીય પ્રજાએ આખરે ગુલામીરૂપી અંધકારને ફેડયો. ભારતની તિમિરરાત્રિ જાણે કે પૂરી થઈ. નર્મદે ભાળેલું "અરૂણું પરભાત" ૧૯૪૭માં આવેલા સ્વરાજટાણે ખરેખર તો દીપવા લાગ્યું, એમ કહી શકાય. પરંતુ દેશના થયેલા અંગવિચ્છેદને કારણે એ અરુણ પ્રભાતને વધાવવાનો કવિનો ઉમળકો વિષાદમિશ્રિત થઈ ગયો હતો. વિચ્છિન્નતાના રૂપે આવેલા સ્વરાજમાં કવિને અધૂરપ વસવા લાગી. બીજી બાજુથી, સ્વરાજ્યાગમન જેવી વિરલ તથા ચિરઆકાંક્ષિત ઘટનાને—રાષ્ટ્રની નવજિંદગીના એક અવસરને કવિ અંતરનાં વધામણાં ન અર્પે એ પણ કેમ બને?

દેશના ભાગલાને પરિણામે દેશની સ્વતંત્રતાનો ફરકતો ધ્વજ કવિને ખરડાયેલો લાગે છે. એ ખિન્ન બને છે. પરંતુ એ ખિન્નતાનો ભાર સહતાં સહતાંયે જવલંત આશાના સૂરે એ ગાય છે. અહીં અંગ્રેજ કવિ બાયરનનો સ્વતંત્રતા વિશેનો આશાવાદ સ્મરણે ચડે છે:

'Yet, Freedom, yet they banner, torn but flying,

Streams like a thunder storm against the wind'.

ભારતની રાષ્ટ્ર તરીકેની અનેકવિધ મર્યાદાઓથી પરિચિત હોવા છતાં આપણા કવિઓએ અને મહાપુરુષોએ ભારતના કલ્યાણકારી અસ્તિત્વ વિશે આશા ગુમાવેલી નથી: "અમે નથી માનતા કે હિંદ કદી પણ મૃત્યુ પામ્યું હોય યા તો અસાધ્ય વ્યાધિમાં સપડાયું હોય. તેનો આત્મા જોકે હંમેશા મોખરે નથી રહયો તો પણ, હંમેશા એક જીવંત શક્તિ તરીકે હસ્તીમાં રહયો છે અને પોતાના જીવનક્રમને તે ઘડતો અને દોરતો રહયો છે. આ જ કારણે ગમે તેવી કપરી અગ્નિપરીક્ષાઓમાંથી પસાર થવાની, પોતાનું પુનરુત્થાન સાધવાની સનાતન શક્તિ હિંદે બતાવી છે. પોતાને મળેલી આ ઈશ્વરદત્ત ~~એવા હેતની સાથે ગતિ કરવાનું છે." ૨૩~~ [illegible] જગતમાં મૂર્ત કરવા માટે હિંદે આજ સમયના તેમના સાથે ગતિ કરવાનું છે." ૨૩.

ભારતનું સમગ્ર વાતાવરણ જ્યારે તમોવ્યાપ્ત હતું ત્યારે પણ માતૃભૂમિના તેજોદીપ્ત ભાવિ વિશે આપણા કવિઓએ શ્રધ્ધા ગુમાવી નથી. "રઢિયાળી, યશાળી સુશીલ પુનિત" માતૃભૂમિને ચરણે હૃદયના સ્નેહનો અર્ધ્ય ધરતી વેળાએ નર્મદયુગના કવિથી માંડીને અદ્યતનકાળ સુધીના કવિનો રાષ્ટ્ર વિશેનો મનોભાવ સરખો જ રહ્યો છે, —એમને ધ્રુવના તેજ જેવી અચલ દ્યુતિએ ઇતિહાસઆભોળે શોભતો ભારતદેશ જણાયો છે:

"આકાશમાંયે ધ્રુવ તેજ છો છે,
એવો તપે છે ઇતિહાસમાંયે
ઝાંખો જૂનો જીર્ણ, છતાં અનસ્ત
આ આર્યની ભૂમિ તણો પ્રકાશ."૧૪

. . . . .          . . . . .          . . . . .

## સંદર્ભ તથા પાદનોંધ

૧. 'Bankim - Tilak - Dayanand', P. 15, Sri Aurobindo.

૨. રાજકીય ક્ષેત્રે ઉદ્દામ આક્રમકતાના એક પુરસ્કર્તા શ્રી અરવિંદે ઈ.સ. ૧૯૦૭ માં કહેલાં દીર્ઘદૃષ્ટિયુક્ત વચનો અહીં યાદ આવ્યાં સિવાય રહેતાં નથી: 'A certain class of mind shrinks from aggressiveness as if it were a sin.... Love is a sacred name, but it is easier to speak of love than to love. A saint full of love for all mankind possesses it.... but the mass of mankind does not and cannot rise to the height. Politics is concerned with masses of mankind and not with individuals'. - 'The Doctrine of passive - Resistance.'. P. 81.

3. એ જ, પૃ. ૭૮ અને ૮૩.

૪. એ જ, પૃ. ૭૮

૫. એ જ, પૃ. ૮૪

૬. એ જ, પૃ. ૮૩

૭. આમ કહીને શ્રી અરવિંદે ઉમેર્યું હતું કે પ્રસ્તુત આશા ફલિત થવાનો આધાર સ્વતંત્ર ભારત કઈ રીતે વ્યવહાર કરે છે એના ઉપર રહેશે. ૧૫મી ઑગસ્ટ, ૧૯૪૭ના દિવસ માટે અપાયેલા સંદેશનો આ અંશ ડૉ. કરણસીંઘના ગ્રંથ "પ્રોફેટ ઑફ ઇન્ડિયન નેશનાલિઝમ" માં અવતરિત, પૃ. ૧૫૫.

૮. અંગ્રેજ કવિ વર્ડ્ઝવર્થની પેલી જાણીતી પંક્તિઓના ભણકારા અહીં સંભળાય છે: 'Bliss was it in that dawn to be alive,

But to be young was very heaven.'

શ્રી ઉમાશંકરે એનો અનુવાદ આ રીતે આપેલો છે:

"ખુશાલી એ ઘડી કે આ જમાને જીવવું,
સ્વર્ગમાં બાકી કશી, યારો, અમે જો નવજવાં?

("સંસ્કૃતિ", ફેબ્રુ. ૧૯૬૫, પૃ. ૪૨).

૯. 'The Ideal of the Karmayogin', P.27; Sri Aurobindo.

૧૦. "સંસ્કૃતિ", ફેબ્રુઆરી, ૧૯૬૫, પૃ. ૪૩.

૧૧. શ્રી માતાજી સાથેના એક વાર્તાલાપ ઉપરથી – લેખક: નલિનીકાન્ત ગુપ્ત, અનુવાદ: સુન્દરમ્ "દક્ષિણા", ઑગસ્ટ–નવેમ્બર, ૧૯૬૩, પૃ. ૨૨.

૧૨. "સ્વ. દી. બ. અંબાલાલ દેસાઈનાં ભાષણો અને લેખો", ૧૯૪૨, પૃ. ૬૭.

૧૩. જુવો નં. ૧૧.

૧૪. "રાજસૂત્રોની કાવ્યત્રિપુટિ અને રણગીતો", ૧૯૩૧, પૃ. ૩૫; ન્હાનાલાલ.